


# આહ્વાન

A MONTHLY BULLETIN OF SHAHPUR METHODIST CHURCH



Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email :rev.arvindkhristi@gmail.com
Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Arvind R. Khristi
Ph. : 079-25503545 (M) 9913070647



વર્ષ - ૪૬ | જુલાઈ - ૨૦૧૯ | પત્ર - ૭૮


## પ્રભુના ઘરનું સન્માન

પવિત્રશાસ્ત્ર બાઈબલમાં દેવે તેની પ્રજાને પોતાના સાબ્બાથો પાળવાની અને પોતાના ઘરની એટલે પવિત્રસ્થાનની અદબ અને મર્યાદા રાખવાની વાત જણાવી છે. તમે મારા સાબ્બાથો પાળો અને મારા પવિત્રસ્થાનની અદબ રાખો હુ યહોવા છું. લેવીય ૧૯:૩૦ તથા લેવીય ૨૬:૨ માં જણાવેલ છે.

આ રીતે અઠવાડિયામાં એક દિવસે આપણે પ્રભુમંદિરમાં જઈને પ્રભુના પવિત્રસ્થાનની મર્યાદા અને અદબ જાળવીએ છીએ. નવા કરારમાં અઠવાડિયાના પ્રથમ દિવસે પ્રેરિતોના કૃત્યો ૨૦:૮ પ્રમાણે અને પ્રેરિતોના કૃત્યો ૨:૪૨ પ્રમાણે સંગતમાં એકઠા થયેલા જોઈએ છીએ. આજના સમયમાં પ્રભુ કૃપાથી આપણને પ્રભુનું ભજન કરવાનું પવિત્ર સ્થળ પ્રાપ્ત થયેલ છે તે પવિત્ર સ્થળ પ્રભુ મંદિરનું પ્રભુના ઘરનું સન્માન કેવી રીતે રાખી શકીએ ?

અઠવાડિયાના એક દિવસે અથવા અઠવાડિયા દરમિયાન થતી સંગતોમાં હાજરી આપી અને પ્રભુનું ભજન-સ્તવન, આરાધના કરીએ છીએ ત્યારે પ્રભુના ઘરનું સન્માન જળવાય છે. ગીતશાસ્ત્ર ૧૦૦:૪ ''આભાર માનતા માનતાં તેની ભાગળોમાં અને સ્તવન કરતાં તેના આંગણામાં આવો'' અઠવાડિયા દરમિયાન પ્રભુએ આપેલા આશીર્વાદો અને દરેક પરિસ્થિતિમાં સંભાળી રાખ્યા, તેની કૃપાથી ભર્યા તે સર્વ યાદ કરી પ્રભુના ઘરમાં આવી આભાર-સ્તુતિ કરવાથી પ્રભુના ઘરને સન્માન મળે છે.

આ સાથે ગીતશાસ્ત્ર ૯૬:૮... અર્પણ લઈને તેના આંગણામાં આવો. આ વચન પ્રમાણે પ્રભુએ આપેલા આશીર્વાદોમાંથી પ્રભુના માટે, તેમના મહિમા અને કાર્યો માટે અર્પણ લાવીએ છીએ ત્યારે પણ પ્રભુને અને પ્રભુના ઘરને સન્માન મળે છે. નીતિવચન ૩:૯ પ્રમાણે તારા દ્રવ્યથી તથા તારી પેદાશના પ્રથમ ફળથી યહોવાનું સન્માન કર.

પ્રભુના ઘરમાં તેમના પવિત્ર નામનું ભજન કરવા આવીએ ત્યારે અંતઃકરણમાં સંપૂર્ણ દીનતા અને દરિદ્રતા ધારણ કરીને આવવું જોઈએ જેથી પ્રભુનું અને તેમના ઘરનું સન્માન જળવાય છે. પ્રભુ તેમની કૃપાથી આપણને તેની આગળ ઉભા રહેવાને લાયક ગણે છે. તેવી ભાવના રાખી અને બીક રાખીને પ્રભુ ઘરમાં આવવું જોઈએ. ગીતશાસ્ત્ર ૫:૭માં દાઉદ કહે છે કે પણ હું તો તારી પુષ્કળ કૃપાથી તારા મંદિરમાં આવીશ. હું તારી બીક રાખીને તારા પવિત્ર મંદિર ભણી ફરીને ભજન કરીશ.

પ્રભુના ઘરમાં પુરા આદર-માન સન્માન અને વિશ્વાસ તથા સંપૂર્ણ નમ્રતાથી આવીને ભજન કરવાથી પ્રભુને સન્માન મળે છે. આ સાથે અગત્યની બાબત સમયની છે. સમયસર આવવું અને પ્રભુના ઘરમાં જ્યાં જગ્યા છે ત્યાં સ્થાનગ્રહણ કરી એકચિત્ત,મન અને શાંતિથી ભજન કરવું જોઈએ.

ઉપરોક્ત સર્વ બાબતોનું પુરી નમ્રતા અને સંપૂર્ણ વિશ્વાસથી ધ્યાન રાખી પ્રભુ ઘરમાં આવી આપણું સ્વાર્પણ કરવાથી પ્રભુને જરૂરથી સન્માન મળે છે.

પ્રભુની કૃપા અને સહાય માગી આપણે આ પ્રમાણે પ્રભુને અને પ્રભુના ઘરને સન્માન મળે તેવું ભજન કરનારા બનીએ

## પાછલા કાર્યો તરફ દૃષ્ટિપાત

- તા. ૧-૬-૨૦૧૯ : મેથોડિસ્ટ ચર્ચ, શાહપુરમાં ડિ.સુ. રેવ. વિજય મેકવાન સાહેબના પ્રમુખપણા હેઠળ અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટની પ્લાનીંગ કમટી મળી. શરૂઆતમા માનનીય ડિ.સુ. સાહેબે ઉત્તેજન દાયક વચનમાં દોર્યા. ત્યારબાદ પ્રાર્થનામાં સમય ગાળી અને વર્ષ દરમિયાનના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. સ્થાનિક ચર્ચ - કમિટી દ્વારા વ્યવસ્થા કરવામાં આવી. આભાર.
- તા. ૨-૦૬-૨૦૧૯ રવિવારની ભજનસેવામાં પ્રકટીકરણ ૩:૨૦ પ્રમાણે 'બારણા' સબંધી વચન આપી પ્રભુભોજન પળાવવામાં આવ્યું.
- ભજનસેવાબાદ સ્થાનિક મહિલા મંડળ દ્વારા 'બાઈબલ ક્વીઝ લેવામાં આવી. ઘણાએ ભાગ લીધો.
- તા.૫-૦૬-૨૦૧૯ : સ્થાનિક મહિલા મંડળના બહેનો સવારે ૯:૦૦થી ૧૧:૦૦ દરમિયાન પ્રાર્થનામાં મળ્યા.
- તા.૯-૦૬-૨૦૧૯ : રવિવારની ભજનસેવામાં પેન્ટીકોસ્ટ સન્ડે નિમિતે ૨ તિમોથી ૧:૭ પ્રમાણે પવિત્ર આત્માના કાર્યો સંબંધી વચન આપ્યું.
- ભજનસેવાબાદ પાસ્ટોરેટ કમિટિ મળી.
- તા.૧૬-૦૬-૨૦૧૯ : રવિવારની ભજનસેવામાં ફાધર્સ ડેની ઉજવણી કરવામાં આવી. ભજનસેવાનું સંચાલન સ્થાનિક પાળકે કર્યું અને સ્થાનિક મંડળીના સભ્ય અને કૉન્ફરન્સ લે- લીડર શ્રી આલાપભાઈ માસ્ટરે પ્રસંગ અનુસાર અસરકર્તા વચન આપ્યું. સર્વ બાળકોએ પોતાના પિતાઓને ગુલાબનું ફુલ આપી સન્માન કર્યું. ચર્ચના ૬૦ વર્ષથી ઉપરના સર્વ વડીલ પિતાઓનું ગુલાબની કલગી આપી સન્માન કરવામાં આવ્યું.
- ભજનસેવા બાદ સર્વ સભાજનો માટે આઈસ્ક્રીમની વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમાં સર્વ જોડાયા.

ફાધર્સ ડેની ઉજવણીમાં ફુલો, કલગી, બુકે અને આઈસ્ક્રીમની વ્યવસ્થા સ્થાનિક સમાજ સેવા પ્રમુખ શ્રી ઓનિલભાઈ ગામડીયા અને સભ્યો દ્વારા કરવામાં આવી હતી. ભજનસેવામાં વચનના સેવક સ્થાનિક મંડળીના સભ્ય અને કૉન્ફરન્સ લે - લીડર શ્રી આલાપભાઈ માસ્ટરનું સુંદર શબ્દો અને બુકે દ્વારા સન્માન સમાજ સેવા પ્રમુખ શ્રી ઓનિલભાઈ ગામડીયા દ્વારા કરવામાં આવ્યું હતું. સમિતિ પ્રમુખ અને સભ્યોનો પુષ્કળ આભાર.

ભજનસેવા બાદ લાંભા પ્રિચીંગ સેન્ટરમાં પાસ્ટોરેટ કૉન્ફરન્સની રચના અને ચર્ચનું નામ આપી જાહેર કરવાના કાર્યક્રમમાં હાજરી આપી.

- તા. ૨૩-૦૬-૨૦૧૯ : રવિવારની ભજનસેવામાં નિવૃત્ત પાળક રેવ. ભાઈલાલભાઈ બી. ક્રિશ્ચિયન સાહેબે હાજર રહી વચન આપ્યું. તેઓનું બુકેથી સન્માન કરવામાં આવ્યું. આ સાથે તેઓએ લખેલ બોધ ભાષણ - ૬ પુસ્તકનું સ્થાનિક પાળક દ્વારા પ્રાર્થના સહ વિમોચન કરવામાં આવ્યું.
- તા. ૨૯-૦૬-૨૦૧૯ : મેથોડિસ્ટ ચર્ચ, ગાંધીનગરમાં અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટની પ્રાર્થના સંગતમાં સ્થાનિક પાંચ સભ્યો સાથે હાજરી આપી.
- તા. ૩૦-૦૬-૨૦૧૯ : રવિવારની ભજનસેવામાં ૧ થેસ્સા. ૧:૧-૮ પ્રમાણે ''નમૂનારૂપ મંડળી'' સંબંધી વચન આપ્યું.

સાંજના ઉમરેઠ ચર્ચમાં મિશન બંગલાના લાભાર્થે - મેળાવડામાં સ્થાનિક પાળકે હાજરી આપી.

## BIRTHDATES IN JULY - 2019

| તારીખ | નામ | તારીખ | નામ | તારીખ | નામ |
|---|---|---|---|---|---|
| ૦૧ | મંદાકીનીબેન એલ. પેલમોર | ૦૮ | કેરોલીન અનિલ ક્રિશ્ચિયન | ૨૩ | રિચાર્ડ સુભાષ હિવાળે |
| ૦૧ | રોશની પી. પરીખ | ૦૯ | આનંદ એ. ક્રિશ્ચિયન | ૨૫ | ઈમાનુએલ શંકરભાઈ ખ્રિસ્તી |
| ૦૧ | રીનલ ક્લેરેન્સ સોલંકી | ૦૯ | રીટાબેન ડેની હેરી | ૨૬ | ફ્રાન્સીસ વી. ગોહિલ |
| ૦૨ | ડૉ. મિનલ કેયુર ચૌહાણ (USA) | ૧૧ | મહિમા એ. પેટ્રીક | ૨૬ | મટીલ્ડા જી. મેકવાન (USA) |
| ૦૩ | મિશેલ ડેઝમન્ડ મેકવાન (USA) | ૧૨ | પ્રતિભાબેન આર. મહિડા | ૨૭ | ચિરાગ સિલાસભાઈ ચૌહાણ (USA) |
| ૦૩ | એરોન એન્થની ઈમાનુએલ | ૧૪ | ફેનિલ અતુલ મહિડા | ૨૭ | માગ્રેટબેન એસ. ઈમાનુએલ |
| ૦૪ | સિપ્રાહ આર્નોન પેલમોર | ૧૫ | સ્વીટી નિલેશ પરીખ | ૨૯ | શેરીલ આર. ક્રિશ્ચિયન |
| ૦૭ | જેમ્સ વિક્ટરભાઈ મેકવાન | ૧૫ | રીયોના પ્રશાંત ક્રિશ્ચિયન | ૨૯ | સ્ટેસી જીમી ડેવિડ |
| ૦૭ | રિયોના ડેની હેરી | ૧૬ | કૃણાલ રશ્મિકાંત મહિડા | ૨૯ | સેલ્વીયા આર. હિવાડે |
| ૦૮ | જુલિએટ નોએલ ક્રિસ્ટી | ૧૭ | ઉષા માયુષ રાઠોડ | ૩૧ | શેન પ્રશાંત ક્રિશ્ચિયન |
| ૦૮ | સિલ્વીયા નલીન ક્રિશ્ચિયન | ૧૮ | એન્જલ એ. ક્રિશ્ચિયન | | |
| | | ૧૯ | રાજેશ એફ. રાઠોડ | | |

## પાળક દ્વારા મળેલ બર્થડે અને આભાર સ્તુતિના દાન

| | | |
|---|---|---|
| શ્રીમતી હેમલત્તાબેન એસ. વાઘેલા | બર્થ ડે | ૨૦૦/- |
| કુ. સિલીયાબેન એસ. મેકવાન | બર્થ ડે | ૧૦૦૦/- |
| શ્રી કેનીથ એફ. ટેલર | આ.સ્તુતિ | ૨૦૦/- |
| શ્રીમતી મેરીબેન જે.મેકવાન | આ.સ્તુતિ | ૫૦૦/- |
| શ્રીમતી મોનિકાબેન આઈ. ખ્રિસ્તી | બર્થ ડે | ૨૦૦/- |
| શ્રીમતી શશીબેન એસ. પરમાર | આ.સ્તુતિ | ૨૦૦૦/- |
| શ્રીમતી ઉર્મિલાબેન આર.સોલંકી | આ.સ્તુતિ | ૨૦૦/- |
| શ્રી સુરાગ કે. વાઘેલા | આ.સ્તુતિ | ૧૦૦/- |
| શ્રી ઈએન એ. મહિડા | આ.સ્તુતિ | ૫૦૦/- |
| શ્રી લીનીયસભાઈ એસ. પેલમોર | બર્થ ડે | ૫૦૦/- |
| શ્રીમતી ઈન્દુબેન કે.વિશ્રામ | બર્થ ડે | ૫૦૦/- |
| શ્રીમતી ઉપાસના એસ. ડાભી | આ.સ્તુતિ | ૫૦૦/- |
| શ્રી સેમ્યુલભાઈ એમ. ડેવિડ | બર્થ ડે | ૫૦૦/- |
| શ્રીમતી સારાહબેન એફ. ટેલર | બર્થ ડે | ૨૫૦/- |
| શ્રી જોની ડી. ચૌહાણ | બર્થ ડે | ૧૦૦૦/- |
| શ્રી યશ એસ. ક્રિશ્ચિયન | બર્થ ડે | ૨૦૦/- |
| શ્રી ઓનિલ એ. પેટ્રીક | બર્થ ડે | ૫૦૦/- |
| શ્રી ડિકસન એ. હેરી | બર્થ ડે | ૨૦૦/- |
| શ્રીમતી સુનંદાબેન વી. મેકવાન | બર્થ ડે/- | ૨૦૦/- |

## જાહેરાતો

- તા. ૧૩-૦૮-૧૯ મંગળવારના રોજ શાહપુર મેથોડિસ્ટ ચર્ચ, બીલ્ડીંગના ૪૭ વર્ષ પૂર્ણ થતાં તા. ૧૨-૦૮-૧૯ના રવિવારની ભજનસેવામાં ઉજવણી કરવામાં આવશે.

  ભજનસેવા બાદ જુવાનોની સંગત થશે.

  બપોરના ભોજનની વ્યવસ્થા છે.
- દર રવિવારે કુટુબ સાથે સવારે ૯-૦૦ કલાકે ભજનસેવામાં હાજરી આપો.
- દર શુક્રવારે સાંજે ૮-૦૦ કલાકે ચર્ચમાં પ્રાર્થના સંગતમાં હાજરી આપો.
- બાળકોએ દર રવિવારે સન્ડે - સ્કુલમાં બેસાડો.

## નાણાંકીય અહેવાલ જૂન - ૨૦૧૯

| | | |
|---|---|---|
| તા.૦૧-૦૬-૧૯ની ઉઘડતી સિલક | રોકડ | ૩૦,૪૯૦.૮૮ |
| | બેંક | ૨,૬૩,૧૭૪.૬૬ |
| તા.૩૦-૦૬-૧૯ સુધીની આવક | | ૧,૮૪,૬૮૭.૦૦ |
| | કુલ | ૪,૭૮,૩૫૨.૫૪ |
| તા. ૩૦-૦૬-૧૯ ની બંધ સિલક | | |
| | રોકડ | ૩૨,૮૩૧.૮૮ |
| | બેંકમાં | ૩૦,૬,૦૪૪.૬૬ |
| તા.૩૦-૦૬-૧૯ સુધીનો ખર્ચ | | ૧,૩૯,૪૭૬.૦૦ |
| | કુલ | ૪,૭૮,૩૫૨.૫૪ |

શ્રી નલિનભાઈ આર. ક્રિશ્ચિયન, ટ્રેઝરર